# ઇ.ડી.આઇ.ના સ્ટુડન્ટ્સે નોર્વેમાં રજૂ કર્યું રિસર્ચ



## બેબસન કોલેજ આંત્રપ્રિન્યોરશિપ રિસર્ચ કોન્ફરન્સ (BCERC) માં સિટીના યંગસ્ટરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

અમદાવાદ : ૧૯ જૂન ૨૦૧૬



આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઇ.ડી.આઇ.આઇ)માં ફેલો પ્રોગ્રામ ઇન મેનેજમેન્ટ (એફપીએમ)માં અભ્યાસ કરી રહેલા સ્ટુડન્ટ રાજ કે. શંકરે નોર્વેમાં યોજાયેલા બેબસન કોલેજ આંત્રપ્રિન્યોરશિપ રિસર્ચ કોન્ફરન્સ (BCERC) માં ભારતનું પ્રતિનિધિત્વ સ્વીકારીને પોતાનું રિસર્ચ પેપર પ્રેઝન્ટ કર્યું હતું. પ્રેઝન્ટેશનમાં તેણે આંત્રપ્રિન્યોર ક્ષેત્રે ઝડપથી વિકસી રહેલા તથા સ્ટાર્ટઅપ્સ અને કોર્પોરેટ્સ બંને માટે લાભદાયક કોર્પોરેટ એક્સલેટર્સ ટ્રેન્ડ અંગે સંશોધન રજૂ કર્યું હતું.

સંશોધન વિશે વાત કરતા રાજ કે. શંકરે જણાવ્યું હતું કે, કોર્પોરેટર એક્સેલરેટર એ નવીન અને ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે ઝડપથી વિકસી રહેલા ટ્રેન્ડ છે. સ્ટાર્ટઅપ્સ દ્વારા થતા સંશોધનો અને તેમની ઉદ્યોગ સાહસિક્તા વૃત્તિમાંથી મહત્તમ લાભ મેળવવા માટે મોટી કોર્પોરેટ કંપનીઓ નાની કંપની સાથે હાથ મિલાવી રહી છે. જ્યારે સ્ટાર્ટઅપ્સને મોટી કંપનીઓના સ્ત્રોતોનો લાભ મળી રહ્યો છે. આ મોડેલ સ્ટાર્ટઅપ્સ અને કોર્પોરેશન્સ બંને માટે લાભકારક પુરવાર થાય તેવું લાગી રહ્યું છે.

## ફેમિલી બિઝનેસનો મુખ્ય સબ્જેક્ટમાં સમાવેશ

આંત્રપ્રિન્યોરશિપ ક્ષેત્રે સ્ટાર્ટઅપ ઇન્ડિયા ચળવળ ભારતમાં જોવા મળી છે. ત્યારે ઇ.ડી.આઇ. દ્વારા ફેમિલી બિઝનેસ કોર્પને મુખ્ય સબ્જેક્ટ તરીકે ભણાવવામાં આવશે. આ અંગે સિનિયર ફેકલ્ટી ડો. સત્યરંજન આચાર્યએ જણાવ્યું હતું કે, દેશમાં સ્ટાર્ટઅપને લગતા તમામ ફેરફારોથી સ્ટુડન્ટ્સ માહિતગાર રહે તે માટે અમે દર બીજા વર્ષે સિલેબસમાં ફેરફાર કરીએ છીએ. અત્યાર સુધીમાં PGDM-BE કોર્સ ભારતીય અર્થતંત્રના વિવિધ પાસાઓ ઉપર જ કેન્દ્રીત હતો પરંતુ આ વર્ષથી સ્ટાર્ટ-અપ શરૂ કરવામાં સરકારની પોલિસીઓના પ્રદાન અંગે પણ અમે સ્ટુડન્ટ્સને ભણાવીશું.